# ના.મામલતદારની ધરપકડ, કલેક્ટરની બદલી

**સુરેન્દ્રનગરના** કલેક્ટર અને ના.મામલતદાર પરના દરોડામાં રૂ.67.50 લાખ જપ્ત કરતું ઈડી

**મોરી** 1લી જાન્યુ. સુધી રિમાન્ડ પર, પૂછપરછ માટે દિલ્હી લઈ જવાશે

ગાંધીનગર: એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટના અધિકારીઓની ટીમ દ્વારા ગઈકાલે સુરેન્દ્રનગરના કલેક્ટર ડો.રાજેન્દ્રકુમાર પટેલના નિવાસસ્થાન તેમજ વઢવાણના રાવળવાસ વિસ્તારમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરે કરાયેલા સર્ચ ઓપરેશનમાં મોરીના નિવાસ સ્થાનેથી ઈડીની ટીમને 67.50 લાખ રોકડા મળી આવતાં તે જપ્ત કરી આજે મોરીની ધરપકડ કરી લેવામાં આવી છે. ઈડીની સાથે હવે એસીબીએ પણ ફરિયાદ દાખલ કરી દીધી છે.

સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં જમીન બિનખેતી (CLU) અને અન્ય વૈધાનિક મંજૂરીઓના નામે ચાલતા મોટા પાયાના ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આ કૌભાંડમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ડેપ્યુટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીની મની લોન્ડરિંગના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. બુધવારે ED દ્વારા સ્પેશિયલ PMLA કોર્ટમાં આરોપી મોરીને રજૂ કરવામાં આવ્યો હતો.

જ્યાં રિમાન્ડ અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપી મોરીએ અત્યાર સુધીમાં 1 કરોડથી વધુની ગુનાહિત કમાણી કરી હોવાનો અંદાજ છે. આ કૌભાંડમાં અન્ય કયાં મોટાં માથાં સામેલ છે અને આ રકમ ક્યાં રોકવામાં આવી છે, આરોપીના બેંક એકાઉન્ટની તપાસ કરવાની છે,

આરોપી પાસેથી મળેલા દસ્તાવેજ અંગે પૂછપરછ કરવાની છે, જો આરોપીને કસ્ટડીમાં લેવામાં નહીં આવે તો તે પુરાવા સાથે છેડછાડ કરી શકે છે અથવા સાક્ષીઓને ધમકાવી શકે છે. તેની તપાસ માટે EDએ આરોપીના 14 દિવસનાં રિમાન્ડની જરૂર છે.

## કલેક્ટર ડો.રાજેન્દ્ર પટેલની બદલી

**સમગ્ર** જમીન કૌભાંડનો આંક 1500 કરોડ સુધી પહોંચ્યો, આયોજનબદ્ધ રીતે ખંડણી ઉઘરાવીને કૌભાંડ કરવામાં આવતું હતું

ગાંધીનગરઃ સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડની રકમ 1500 કરોડ સુધી પહોંચી જવા પામી છે. ઈડી દ્વારા નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરીની ધરપકડ કરી લેવામાં આવતા, હવે રાજ્ય સરાકરે આજે રાત્રે કલેકટર ડો. રાજેન્દ્ર પટેલની રાતોરાત બદલી કરીને તેમને સામાન્ય વહીવટ વિભાગના હવાલે મૂક્યા છે. હવે કલેક્ટરનો ચાર્જ સુરેન્દ્રનગર જિલ્લા ડીડીઓને સોંપાયો છે. એટલે કે તેમને કોઈ પોસ્ટિંગ અપાયું નથી. ખાસ કરીને કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલના નિવાસ્થાનેથી જમીન કૌભાંડની સંખ્યાબંધ ફાઈલો મળી આવી છે. ઈડી દ્વારા સ્પે. કોર્ટ સમક્ષ એવી પણ રિમાન્ડ દરમ્યાન એવી પણ રજૂઆત કરાઈ હતી કે વચેટિયાઓ અને એજન્ટો મારફતે જમીન NA કરાવામાં આવતી હતી. જમીન NA કરાવવામાં સુરેન્દ્રનગર કલેક્ટર ઓફિસના કર્મચારીઓની મોટાપાયે સંડોવણી હોવાનું સામે આવ્યું છે. આયોજનબદ્ધ રીતે ખંડણી ઉઘરાવીને જમીન એનએ કરવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો પણ બહાર આવી છે. જમીનના હેતુફેરમાં પણ કરોડોની લાંચ લેવામાં આવી છે.

### આરોપી તરફે દલીલ

આરોપી તરફે એડ્વોકેટ નીતિન ગાંધીએ એવી દલીલ કરી હતી કે, તપાસ એજન્સી જે મુદ્દે રિમાન્ડ માંગી રહી છે તેમાં આરોપીની હાજરીની કોઇ જ જરૂર નથી, તપાસમાં સહકાર આપ્યો છે, જે જાણતા હતા તે તમામ હકીકત જણાવી દીધી છે. તેથી રિમાન્ડ ન આપવા જોઇએ.

### આ વિસ્તારમાં જમીન કૌભાંડનો મુદ્દો ચર્ચામાં

સુરેન્દ્રનગર જિલ્લામાં નળ સરોવર, ધ્રાંગધ્રાના માલવાણ, લખતરના તલસાણા અને પાટડીમાં સોલાર પ્લાન્ટમાં મોટા પાયે થયેલા જમીન કૌભાંડનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે. આ કેસમાં સુરેન્દ્રનગર કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયૂરસિંહ ગોહિલ અને કલેક્ટરના પીએ જયરાજસિંહ ઝાલા પણ તપાસના રડારમાં આવી જતાં ગુનો દાખલ કરાયો છે.

# કેવી રીતે વહીવટ થશે? સુરત જિલ્લા પંચાયતમાં 64 ટકા જગ્યાઓ ખાલી

**1010માંથી** 648 જગ્યા ખાલી, સરકારની નિષ્ફળતા સામે સવાલો

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની વાસ્તવિકતા સામે આવી છે, જેમાં સરકારના ગ્રામ્ય વહીવટ અને આરોગ્ય વ્યવસ્થાના દાવાઓ ખોટા સાબિત થઈ રહ્યા છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા પંચાયત સુરતમાં મંજૂર થયેલા કુલ 1010 જગ્યામાંથી 648 જગ્યા ખાલી છે.

કામરેજ, ઓલપાડ, ચોર્યાસી, પલસાણા, મહુવા, માંગરોલ, બારડોલી, ઉમરપાડા, માંડવી અને વાંકલ તાલુકાઓમાં જિલ્લા પંચાયતના મુખ્ય વિભાગોમાં કર્મચારીઓની ભારે અછત છે. ગ્રામ વિકાસ અને આરોગ્ય જેવા અતિઆવશ્યક ક્ષેત્રોમાં પણ સરકાર દ્વારા સમયસર ભરતી ન કરાતા ગ્રામ્ય સુરત આજે વહીવટી અસ્તવ્યસ્તતાનો ભોગ બન્યું છે. તલાટી કમ મંત્રી જેવી આધારભૂત જગ્યાઓ ખાલી હોવાથી ગ્રામ પંચાયતોમાં રેવન્યુ રેકોર્ડ, જમીન સંબંધિત કામ, જન્મ-મરણ તથા આવક-જાતિના દાખલાં જેવી સેવાઓ સમયસર મળી રહી નથી. સરકારની બેદરકારીના કારણે ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોને વારંવાર કચેરીઓના ધક્કા ખાવા પડે છે. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકએ સરકાર પર કડક પ્રહાર કરતાં જણાવ્યું છે કે, "જ્યારે જિલ્લા પંચાયતની 64 ટકા જગ્યાઓ ખાલી હોય ત્યારે સરકારના સુશાસનના દાવાઓ ખોખલા સાબિત થાય છે. સુરત જિલ્લાના નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખી તાત્કાલિક ભરતી પ્રક્રિયા શરૂ ન થાય તો તેની સીધી જવાબદારી રાજ્ય સરકારની રહેશે."

### માતા-બાળ આરોગ્ય જોખમમાં, દાવાઓ ખોટા સાબિત

ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં માતા-બાળ આરોગ્ય, રસીકરણ અને પ્રાથમિક સારવાર જેવી સેવાઓ પર ગંભીર અસર પડી છે. સરકાર એક તરફ આરોગ્ય સુવિધાઓના દાવા કરે છે, જ્યારે બીજી તરફ કર્મચારીઓ વિના કેન્દ્રો કાગળ પર જ ચાલતા હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

### લેબ સેવાઓ ખોરવાઈ, દર્દીઓ પર વધારાનો બોજ

લેબ ટેક્નિશિયનની અછતને કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી પરીક્ષણો સમયસર થતાં નથી. પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ખાનગી દવાખાનાઓ તરફ વળવું પડે છે, જે સરકારની આરોગ્ય નીતિ પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ના.મામલતદારનો...

પ્રમાણિત કરવા લાંચ માંગી હતી અને લાંચ લેતા પોતાની કચેરીમાં જ રંગે હાથ ઝડપાયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વકીલના અસીલના પ્લોટવાળી જમીનમાં અગાઉના માલિકોના નામોની કાચી નોંધ પ્રમાણિત કરવા માટે ઉધના મામલતદાર ઓફિસમાં અરજી કરવામાં આવી હતી. આ કાર્યવાહી કરવા બદલ સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદાર કૃષ્ણકુમાર બનેસંગ ડાભી (ઉં.વ.૩૮, વર્ગ-૩) રૂ.૧૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. અસીલ લાંચ આપવા ઈચ્છુક ન હોવાથી વકીલે સુરત એકમ ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ આધારે ACB દ્વારા આયોજનબદ્ધ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજ ઉધના મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસરની ચેમ્બરમાં ફરીયાદી વકીલ સાથે થયેલી હેતુલક્ષી વાતચીત બાદ આરોપીએ રૂ.૧૦,૦૦૦ની લાંચ સ્વીકારી હતી, જેના પગલે ACBની ટીમે સ્થળ પર જ કૃષ્ણકુમાર ડાભીને રંગેહાથ પકડી લીધો હતો.

આ સમગ્ર કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ધોબી (સુરત ગ્રામ્ય ACB)ના નેતૃત્વમાં હાથ ધરાઈ હતી. ટ્રેપનું સુપરવિઝન મદદનીશ નિયામક આર.આર. ચૌધરી (ACB સુરત એકમ) દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે ઈન્ચાર્જ અધિકારી તરીકે નાયબ નિયામક બળદેવ દેસાઇ, આઈપીએસ (વડોદરા રેન્જ)ની દેખરેખ હેઠળ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. ACBની તપાસ દરમિયાન કૃષ્ણકુમાર ડાભી નાયબ મામલતદાર તરીકે વર્ષ 2017માં ભરતી થયો હતો અને તેમનો હાલ 82 હજાર પગાર છે. અગાઉ તે સુરત શહેરના કલેક્ટર તરીકે ફરજ બજાવી ચૂકેલા ડોક્ટર ધવલ પટેલના પીએ તરીકે પણ સુરતમાં ફરજ બજાવી ચૂક્યા છે.

વધુમાં કૃષ્ણકુમાર ડાભીના ભાઈ લવ ડાભી કામરેજ પોલીસમાં ફરજ પર હતા ત્યારે 14 કરોડના ક્રિપ્ટો કરન્સી મામલે વિવાદમાં સપડાયા હતા.

### 95 હજારના...

લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એક જાગૃત નાગરિક દ્વારા પોતાની ઉધના વિસ્તારની હોટલ માટે ફાયર સેફ્ટીની NOC મેળવવા ફાયર વિભાગમાં અરજી કરવામાં આવી હતી. આ અરજીની કાર્યવાહી પૂર્ણ કરી ફાયર સેફ્ટી સર્ટિફિકેટ (NOC) આપવા બદલ લિંબાયત ઝોનના ડિવિઝનલ ફાયર ઓફિસર તથા ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ.48, વર્ગ-3) રૂ. 1 લાખની લાંચની માંગણી કરી હતી. લાંચ આપવાની ઈચ્છા ન હોવાથી ફરીયાદીએ ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ACB દ્વારા આયોજન કરાયેલા ટ્રેપ દરમિયાન બુધવારે ચોકબજાર વિસ્તારમાં આવેલા મુગલીસરાઈ ફાયર સ્ટેશનના પહેલા માળે આવેલા ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસમાં ફરીયાદી અને આરોપી વચ્ચે હેતુલક્ષી વાતચીત થઈ હતી. દરમિયાન આરોપીએ ફરીયાદી પાસેથી રૂ. 1,00,000ની લાંચ સ્વીકારી હતી, જે રકમ સ્થળ પર જ ACB ટીમે રિકવર કરી હતી.

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન બી.ડી. રાઠવા, પોલીસ ઈન્સ્પેક્ટર, નવસારી એ.સી.બી. પોલીસ સ્ટેશન તથા તેમની ટીમે સફળ ટ્રેપ પાર પાડ્યો હતો. ઈશ્વર પટેલ વર્ષ 1999માં ભરતી થયા હતા. અને હાલ તેમનો 95 હજાર પગાર હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

### ઇશ્વર પટેલ...

કેમકે વિજિલન્સ વિભાગ દ્વારા તેને એનઓસી અપાયું નહોતું. છેલ્લા થોડા સમયથી વધેલા આગના બનાવોમાં ફાયર વિભાગ પર પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે ત્યારે વધુ તપાસ થાય તો ઘણુ બહાર આવે તેવી શક્યતા છે.

### બ્રિજ પર...

સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે બંને મિત્રોને સામાન્ય ઈજા થઈ હતી. બનાવને પગલે ડિંડોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### બમરોલીની...

ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓની ઘનિષ્ઠ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા વિસ્તૃત વિગતો મુજબ ફુડ વિભાગે બમરોલી રોડ, સુખી નગર સ્થિત માતેશ્વરી ડેરી એન્ડ સ્વીટમાંથી લેવાયેલ નોન બ્રાન્ડેડ ચીઝ એનાલોગ બ્લોક તે ઉપરાંત યોગીચોક રોડ, વિશ્વામિત્રી સોસાયટી વિસ્તારમાં આવેલી શ્રીજી ફૂડ્સમાંથી લેવાયેલ નોન બ્રાન્ડેડ મીડિયમ ફેટ પનીર એનાલોગનો નમૂનો પણ ફેઈલ જાહેર થયો છે.

આ બંને સંસ્થાઓના નમૂનાઓ મિસબ્રાન્ડેડ હોવાનું રિપોર્ટ આવતા સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા સંબંધિત સંસ્થા અને જવાબદાર વ્યક્તિઓ સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ- 2006 તથા તેના નિયમો અનુસાર આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ અધિકારીઓએ જણાવ્યું છે. તે ઉપરાંત જહાંગીરાબાદમાં આવેલી દ્વારકેશ ડેરીમાંથી ખોવા, દૂધ, પનીર અને પેંડા જેવા વિવિધ ડેરી ઉત્પાદનોના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. તેનું પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પનીરનો નમૂનો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સમાં નિર્દિષ્ટ મિલ્ક ફેટ પુરતું ન હતું. જેથી પનીરના નમુના પણ ફેઈલ ગયા છે.

### લ્યો, બોલો,...

રોજ મનપાના ફૂડ વિભાગ અને એસઓજી પોલીસની ટીમે રેડ કરી હતી અને ત્યાંથી 755 કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દરરોજનું નકલી પનીર બનાવતા હોય, મનપા દ્વારા સુરભી ડેરીને સીલ કરી દેવામાં આવી હતી.

ત્યારબાદ હવે 1 માસ બાદ સુરભી ડેરી દ્વારા મનપાને એફિડેવિટ તેમજ હવેથી નકલી પનીર કે કોઈ પણ બનાવટી ખાદ્યપદાર્થની વસ્તુ નહી બનાવાશે તેવી લેખિત બાંહેધરી આપ્યા બાદ આ સીલ ખોલવામાં આવ્યું છે.

### બ્રિજ પર...

રહેલી બસના ડ્રાઈવરે સંતુલન ગુમાવી દીધો હતો અને આગળ ઉભેલા ડમ્પર સાથે ધડાકાભેર અથડાવી દીધો હતો. ડમ્પર પાછળ બસ ઘૂસી જતાં બસનો ડ્રાઈવર જીગ્નેશ (ઉ.વ.35 ) કેબિનમાં ફસાઈ ગયો હતો.

જ્યારે બસમાં બેઠેલા કંપનીના આઠ કર્મચારીઓ પૈકી ત્રણ કર્મચારીઓ તુષિત ધીરુ પાડ્યાં (ઉ.વ.20 ), અશોકકુમાર ચંદ્રસિંહ વાસિયા (ઉ.વ.33 ) અને અરૂણસિંહ મોસીયા (ઉ.વ.28 ) ને નાની મોટી ઈજાઓ પહોચી હતી. આ અકસ્માતની ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. સબ ફાયર ઓફિસર કિરણ પટેલએ જણાવ્યું હતું કે, બસમાં બેઠેલા ઈજાગ્રસ્ત ત્રણ કર્મચારીઓ અને કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો અને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી.

### દહેગામથી કીમનો...

NHAI PIU-સુરત પ્રોજેક્ટના DGM સંજયકુમાર યાદવે એક અરજદારને તા.13મી ડિસેમ્બરે લેખિતમાં જવાબ આપ્યો હતો કે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ પેકેજ-5 બાબતે દહેગામથી કીમ તા.31 ડિસેમ્બર-2025ના રોજ ખુલ્લું મુકાશે. જેને લઈ ખૂબ જ મજબૂત રોડ પર વાહનો સડસડાટ પસાર થશે. કીમથી દહેગામ રોડ વચ્ચે આવતા પુનગામ માટે એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટની મંજૂરી મળી છે. પણ હજુ સત્તાવાર પોઈન્ટ બન્યા નથી. જો કે, દહેગામથી કીમનો પોઈન્ટ બનાવતા ભરૂચ શહેરમાં રહીને 30 કિમીનો ફેરાવો બચી જતાં લગભગ દોઢ કિમીનો સમય બચી જશે.

### કાળમુખી ડમ્પરે...

તિવારી (ઉં.વ.57) આજે પોતાની બાઈક પર રસ્તો પસાર કરી રહ્યા હતા ત્યારે અચાનક પૂરઝડપે આવી રહેલા ડમ્પરે તેમને ટક્કર મારી હતી. ટક્કર બાદ રવિશંકરની બાઈક ડમ્પરના નીચે આવી ગઈ હતી. ભારે વજન અને ગતિના કારણે ડમ્પરના વ્હીલ ફરતાં તેઓ રોડ પર લગભગ 20 ફૂટ સુધી ઘસડાયા હતા. ઘટનાસ્થળે જ તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. અકસ્માત બાદ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને માર્ગ પર અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ કતારગામ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. બીજી તરફ, અકસ્માત સર્જ્યા બાદ ડમ્પરચાલક વાહન સ્થળ પર જ છોડીને ફરાર થઈ ગયો, જે પોલીસ માટે ગંભીર પ્રશ્ન બની રહ્યો છે.

### 16,52,472: સુરત...

16,52,472 પેસેન્જર નોંધાયા છે. 31 ડિસેમ્બર 2025 ના અંત સુધી આ આંકડો 12 મહિનામાં 18 લાખ પેસેન્જરની લગોલગ રહેવાનો અંદાજ છે. જેમાં ઈન્ટરનેશનલ પેસેન્જરનો આંકડો 2 લાખ પેસેન્જરની નજીક પહોંચી શકે છે.

નવેમ્બર 2025 માં 1,50,725 ડોમેસ્ટિક અને 19402 ઈન્ટરનેશનલ મળી 1,70,127 પેસેન્જર નોંધાયા છે. ચાલુ ડિસેમ્બર મહિનામાં ઇન્ડિગોની સંખ્યાબંધ ફ્લાઈટ રદ થઈ ન હોત તો ડિસેમ્બરમાં પણ પેસેન્જર આંક 1,40,000 થી 1,50,000 રહી શક્યો હોત.

2019 પછી સર્વાધિક આંતરરાષ્ટ્રીય મુસાફરો પણ વર્ષ 2025 માં નોંધાયા છે. 2024 જાન્યુઆરીથી નવેમ્બર સુધી 14,89,442 પેસેન્જર મૂવમેન્ટ હતી. 2025 જાન્યુઆરીથી નવેમ્બરમાં 16,52,472 પેસેન્જર મૂવમેન્ટ નોંધાઈ છે. છેલ્લા 11 મહિનામાં 14,67,353 ડોમેસ્ટિક અને 1,84,939 ઈન્ટરનેશનલ મળી કુલ 16,52,292 પેસેન્જર નોંધાયા છે. જે અત્યાર સુધીના વર્ષના સર્વાધિક આંકડા છે. આ આંકડાઓ સુરતની વધતી વૈશ્વિક ઓળખ, મજબૂત એર કનેક્ટિવિટી અને સતત વધી રહેલી માંગનું પ્રતિબિંબ છે.

વર્ષ 2025 માં મિડલ ઈસ્ટમાં ઈરાન-ઇઝરાયલ સંઘર્ષ વચ્ચે કેટલીક ફ્લાઈટ રદ થઈ હતી. ભારતમાં એર શોને લીધે પણ કેટલીક ફ્લાઈટ રદ થઈ હતી. એ પછી ઈન્ડિગો ક્રાઈસીસ અને દિલ્હીમાં ધુમ્મસને લીધે ઘણી ફ્લાઈટ રદ થઈ હતી. તેમ છતાં ઓછી ફ્લાઈટ સંખ્યા સામે વધુ પેસેન્જર મળ્યાં છે.

### 24 બાય...

અનેક અવરોધો પાર પાડવા પડી રહ્યાં છે. જમીનો છૂટી કરવી, રનવે વિસ્તરણ ન કરવું, કેટ વન ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ માટે સંપાદિત જમીન એરપોર્ટ ઓથોરિટી દ્વારા નકારવી સહિતના મુદ્દાઓને લઈ નવી એરલાઈન્સ કંપનીઓ સુરત આવતા ડરે છે. જમીનો સંપાદન મુક્ત થતા 2290 મીટરના રનવેની ઉપલબ્ધતા જોતાં એક પણ ઇન્ટરનેશનલ એરલાઈન્સએ સુરત માટે કોઈ રસ દાખવ્યો નથી.

## શોધ સ્કીમમાં અન્ય યુનિવર્સિટીઓ આગળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પાછળ

# રિસર્ચર સ્કોલરશીપ, VNSGUમાં માત્ર ૧૦

**રિસર્ચ** પ્રપોઝલના આધારે થાય છે મૂલ્યાંકન, ૫૦ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને મળે છે સ્કોલરશીપ

સુરતઃ રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કરતા સંશોધકોને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા અમલમાં મુકાયેલી શોધ (રિસર્ચ) સ્કીમ હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્કોલરશીપની પસંદગી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. રાજ્યભરમાંથી કરાયેલી અંદાજે ૯૦૦થી વધુ અરજીઓમાંથી ૭૫૩ ઉમેદવારોને સ્કોલરશીપ માટે યોગ્ય ઠરાવવામાં આવ્યા છે. જ્યારે ૧૯૭ ઉમેદવારની અરજીઓ વિવિધ કારણોસર રદ કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રક્રિયામાં દક્ષિણ ગુજરાતની મુખ્ય શૈક્ષણિક સંસ્થા ગણાતી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)નું પ્રદર્શન શિક્ષણવિદોમાં ચિંતાનો વિષય બન્યું છે. રાજ્યની અન્ય સરકારી યુનિવર્સિટીઓમાં ૫૦થી વધુ રિસર્ચરની પસંદગી થવા સામે, વીર નર્મદ યુનિવર્સિટીમાં માત્ર ૧૦ જ રિસર્ચ પ્રપોઝલ સ્કોલરશીપ માટે લાયક ઠર્યા છે. શોધ સ્કીમ હેઠળ પીએચ.ડી. કરતા ઉમેદવારોને તેમના રિસર્ચ પ્રપોઝલના આધારે સ્કોલરશીપ માટે અરજી કરવાની રહે છે. દરેક પ્રપોઝલનું મૂલ્યાંકન કરવા રાજ્ય સરકાર દ્વારા વિશેષ નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવે છે.

આ સમિતિ દ્વારા સંશોધનથી સમાજ, શિક્ષણ, ઉદ્યોગ, આરોગ્ય તેમજ વિકાસ ક્ષેત્રમાં થનારા સંભવિત લાભો સહિતનાં વિવિધ પરિમાણો પર ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવે છે, જેમાં ૫૦ ટકા કરતાં વધુ ગુણ મેળવનારા ઉમેદવારોને સ્કોલરશીપ માટે યોગ્ય ગણવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કરવામાં આવેલી તમામ દરખાસ્તોનાં મૂલ્યાંકન બાદ ૭૫૩ ઉમેદવાર પસંદ થયા છે. કયા ઉમેદવારને કેટલા ગુણ મળ્યા, તેમજ કયા વિષયમાં પીએચ.ડી. કરવાનું નક્કી કર્યું છે તે તમામ વિગતો કમિશનર ઓફ હાયર એજ્યુકેશન (KCG) ના માધ્યમથી જાહેર કરવામાં આવી છે.

### શોધ સ્કીમમાં VNSGUની ચાર વર્ષમાં સતત ઘટતી પસંદગી

| વર્ષ | પસંદ થયેલા રિસર્ચરની સંખ્યા |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૦ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૪ |
| ૨૦૨૨-૨૩ | ૯૨ |
| ૨૦૨૩-૨૪ | ૧૨ |
| ૨૦૨૪-૨૫ | ૧૦ |

### કરોડોનો ખર્ચ, છતાં નર્મદ યુનિવર્સિટીમાં સંશોધનનું નબળું પ્રતિબિંબ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થિતિ આ સમગ્ર પ્રક્રિયામાં ગંભીર સવાલો ઊભા કરે છે. યુનિવર્સિટી દ્વારા સંશોધનને વેગ આપવા માટે છેલ્લાં કેટલાંક વર્ષોમાં કરોડો રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે, છતાં રિસર્ચ પ્રપોઝલ રજૂ કરનાર ઉમેદવારોની સંખ્યા સતત ઘટી રહી છે. શિક્ષણવિદોમાં ચર્ચા છે કે, ખર્ચ તો થયો છે પરંતુ યુનિવર્સિટીના સંશોધનનું આઉટપુટ, ગુણવત્તા અને સામાજિક ઉપયોગિતા અંગે સંતોષકારક પરિણામ હજુ સુધી સામે આવ્યું નથી. શોધ સ્કીમના આ તાજાં પરિણામો બાદ વીર નર્મદ યુનિવર્સિટીના રિસર્ચ કલ્ચર, માર્ગદર્શન વ્યવસ્થા અને પ્રપોઝલની ગુણવત્તા અંગે આત્મમંથનની જરૂરિયાત ઊભી થઈ છે.

### દર મહિને ૧૫ હજારની સહાય, બે વર્ષમાં કુલ ૪ લાખ રૂપિયા સુધીની સ્કોલરશીપ

શોધ સ્કીમ હેઠળ પસંદ થયેલા ઉમેદવારોને દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા સ્કોલરશીપ તરીકે આપવામાં આવે છે. ઉપરાંત સંશોધન સંબંધિત અન્ય ખર્ચ માટે વર્ષમાં એક વખત ૨૦,૦૦૦ રૂપિયાની વધારાની સહાય પણ મળે છે. આ રીતે પીએચ.ડી.નાં બે વર્ષ દરમિયાન એક ઉમેદવારને અંદાજે ૪ લાખ રૂપિયા જેટલી સરકારી સહાય મળતી હોય છે, જે સંશોધન ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ પ્રોત્સાહન ગણાય છે.


**જાહેર નિવિદા નં. - ૧૩ અને ૧૪/૨૦૨૫-૨૬**

**આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/વ્યક્તિઓને જણાવવાનુંકે, કેવડીયા વન વિભાગ (એકતાનગર)ના વિસ્તારમાં ઇરીગેશન વર્કની કામગીરી અને પાણીનું ટેન્કર તેમજ અન્ય કામગીરી કરવા માટેના ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/ વ્યક્તિઓએ (n) Procure (www.nprocure.com) સાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૨૧ માં તેમનો ભાવો ઓન લાઇન આપવા વિનંતી છે.**

**આ વિભાગ દ્વારા નક્કી થયેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.**

**તારીખ :- ૨૩/૧૨/૨૦૨૫** — **નાયબ વન સંરક્ષક**
**સ્થળ :- એકતાનગર** — **કેવડીયા**
**માહિતી/નર્મદા/૪૧૩/૨૦૨૫-૨૬** — **SoUADTGA, એકતાનગર**

**અધિસૂચના**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અને
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯,
[જુઓ નિયમ-૨૬(૯)]
**નગર રચના યોજના નં.૫ (બારડોલી)**
**પ્રારંભિક યોજના**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ- ૫૨ની પેટા કલમ-(૧)ની જોગવાઈઓ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, ના નિયમ-૨૬(૯) અનુસાર મે તા-૨૨/૧૨/૨૦૨૫ ને સોમવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ- ૫૨(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઇઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, નિયમ- ૨૬(૯)ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ (ખંડ) માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-'ઠ' ની નકલ આ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને તેમજ હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત પ્રારંભિક યોજનાની તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સ્થળઃ બારડોલી
તા-૨૨/૧૨/૨૦૨૫
કચેરીનું સરનામુંઃ-
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર રચના યોજના, બારડોલી.
પ્રથમ માળ, જુની નગર પાલિકાની કચેરી,
પોસ્ટ ઓફિસની બાજુમાં, ઉપલી બજાર
બારડોલી-૩૯૪૬૦૧
Email: tpo-udd-brdo@gujarat.gov.in
ક્રમાંક : માહિતી-સૂરત/૧૨૫૩/૨૦૨૫

(ટી.આર પટેલ)
નગર રચના અધિકારી
નગર રચના યોજના,
બારડોલી

**વાપી મહાનગરપાલિકા- વાપી**
**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**
**(ઇલેક્ટ્રિકલ વિભાગ) (જાહેર નિવિદા નં.૦૭/૨૦૨૫-૨૬)**
**(ટૂંકી મુદતની જાહેરાત)**

વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com,https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને બાંધકામ શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત<br>૨. સરકાર માન્ય શ્રેણી | ૩. ટેન્ડર ફી<br>૪. ડીપોઝીટ<br>૫. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ જી.આઈ.ડી.સી. ચાર રસ્તાથી બલિઠા બ્રિજ સુધી પોલ તથા હાયમસ્ટ સિસ્ટિંગ કરવાનું કામ. | ૧. ૧૨,૫૦,૬૧૬/- (GST અલગથી)<br>૨. E 2 & Above | ૩) ૧૦૬૨૪/-<br>૪) ૧૨,૫૫૦/- |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | | ૨૬/૧૨/૨૦૨૫ | |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | | ૦૧/૦૧/૨૦૨૬ | |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | | ૦૫/૦૧/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી | |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | | ૦૭/૦૧/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) | |

-સહી-
જે. કે. પટેલ
સીટી ઈજનેર
વાપી મહાનગરપાલિકા

ન. માહિતી/વલસાડ/૭૫૧/૨૦૨૫

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
DGVCL
CIN U40102GJ2003SGC042909
**રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'**
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે સુરત ગ્રામ્ય વર્તુળ કચેરીઓ હેઠળ આવતા કીમ અને બારડોલી વિભાગીય કચેરી હેઠળ ના ૬૬ કેવી મોસાલી સબ-સ્ટેશન, ૬૬ કેવી વાંકલ સબ-સ્ટેશન અને ૬૬ કેવી વસરાવી સબ-સ્ટેશન માંથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૨૮.૧૨.૨૦૨૫ થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | જિલ્લાનું નામ | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી હાલનું ગ્રુપ | હાલનો ગ્રુપ નો સમય | અમલમાં આવતા ગ્રુપનું નામ | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૬૬ કેવી મોસાલી સબ-સ્ટેશન | ૧૧ કેવી નાની નરોલી એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૨ | | | ૧૧ કેવી કોસાડી એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૩ | | | ૧૧ કેવી વકીલપરા એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૪ | | | ૧૧ કેવી ગડકચ એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૫ | | | ૧૧ કેવી આમનડેરા એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૬ | સુરત | ૬૬ કેવી વાંકલ સબ-સ્ટેશન | ૧૧ કેવી રટોટી એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૭ | | | ૧૧ કેવી બોરીયા એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૮ | | | ૧૧ કેવી નાંદોલા એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૯ | | | ૧૧ કેવી ખરેડા એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૧૦ | સુરત | ૬૬ કેવી વસરાવી સબ-સ્ટેશન | ૧૧ કેવી દગડિયા એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૧૧ | | | ૧૧ કેવી ગડા ડુંગર એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૧૨ | | | ૧૧ કેવી કંસાલી એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |

**(શ્રી બી. કે. પટેલ), વિશેષ મુખ્ય ઇજનેર (સી. એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ, સુરત**

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો